



# આહ્વાન

50 ANNIVERSARY

A MONTHLY BULLETIN OF SHAHPUR METHODIST CHURCH



Address : Bahai Center, Shahpur, Ahmedabad 380 001.

Email : rev.arvindkhristi@gmail.com
Visit us at : www.shahpurmethodistchurch.com

Pastor : Rev. Arvind R. Khristi
Ph. : 079-25503545 (M) 9913070647



વર્ષ - ૫૧ | ઓગસ્ટ - ૨૦૨૩ | પત્ર - ૧૨૦


## પ્રભુમંદિર

એક ખૂબ મોટું ફાર્મ હતું. જેમાં એક સુંદર મહેલ હતો. મહેલની આજુબાજુ સર્વત્ર સુંદર વૃક્ષો હતા. તેમાંનું એક સુંદર ભવ્ય આંબાનું વૃક્ષ હતું. મહેલમાં જેઓ રહેતા હતા તેઓના બાળકો આ વૃક્ષના ફળ કેરીઓને ખાતા હતા. બાળકોમાંથી એક મોટા સમજુ બાળકે તેના પિતાને પૂછ્યું કે આ આંબો કેટલો ભવ્ય અને સુંદર છે અને તેની કેરી પણ કેટલી સરસ છે. શું તમે આ વૃક્ષને રોપ્યું હતું ? પિતાએ જવાબ આપ્યો કે મેં રોપ્યું ન હતું પણ મારા વડીલ પિતાએ રોપ્યું હતું પણ મેં એની સંભાળ લીધી છે. સમજુ બાળક પિતાને કહે છે કે પિતાજી આ વૃક્ષ તમારા પિતાએ રોપ્યું, તેનાં ફળ અમે ખાઈએ છીએ. હવે અમારે પણ તેની કાળજી રાખવી જોઈએ, જેથી આ જ રીતે આવનાર પેઢી પણ તેનાં ફળ ખાઈ શકે. આ બાબત કેટલી બધી સમજુ અને વ્યવહારિક છે.

હા, વ્હાલાઓ દરેક પ્રભુમંદિરો પણ વડવાઓએ બાંધ્યા છે અને એક પછી એક પેઢી તેના આશીર્વાદો પ્રાપ્ત કરે છે. દરેક પેઢીએ એની સર્વ રીતે સંભાળ લેવાની હોય છે, જેથી એના આશીર્વાદરૂપી ફળો મળતા રહે.

જે પ્રભુના સેવકો અને વડવાઓએ પ્રાર્થના અને પ્રયત્નોથી, પુષ્કળ મહેનત અને સ્વાર્પણ કરી, સમય આપી પ્રભુમંદિર બનાવી તેમાં આશીર્વાદિત થયા અને એના આશીર્વાદો પછીની પેઢીને પણ મળે છે ત્યારે આવા પ્રભુમંદિરની જે તે પેઢીએ સંભાળ લેવી જોઈએ. પ્રભુમંદિર માટે પ્રભુનો આભાર વ્યક્ત કરવો જોઈએ.

કેવી રીતે સંભાળ લઈ શકીએ ? વ્હાલાઓ જે પ્રભુ મંદિરમાં આપણા વડવાઓ એકઠા મળતા હતા અને ભજન કરતા હતા તે જ રીતે આપણે આપણા પગલા પ્રભુમંદિર તરફ રાખવા જોઈએ. પ્રભુમંદિરથી વેગળા ના રહીએ પરંતુ પ્રભુમંદિર સાથેનો આપણો સર્વ પ્રકારનો આત્મિક વ્યવહાર ચાલુ રાખીએ.

પ્રભુમંદિરમાં નિયમિત હાજરી આપીએ અને આપણા બાળકોને પણ તે શીખવતા રહીએ.

જે તે પ્રભુમંદિર પ્રભુને મહિમા મળે અને ત્યાં આત્મિક યજ્ઞો થાય માટે અર્પણ કરવામાં આવે છે. ૨ કાળવૃત્તાંત ૭:૧૨ યહોવાએ સુલેમાનને કહ્યું હતું કે આ સ્થળને મારા પોતાના માટે યજ્ઞના મંદિરને સારું પસંદ કર્યું છે. પ્રભુમંદિર આપણને તેની કૃપાથી મળે છે જ્યાં આપણે પ્રભુને સ્તુતિરૂપ યજ્ઞ, તેનું નામ કબૂલ કરનારા હોઠોનું અર્પણ કરવાનું છે. આ સાથે આપણને મળેલા આશીર્વાદોનું અર્પણ કરવાનું હોય છે. હિબ્રુ ૧૩:૧૫-૧૬. આ સ્થળે આપણે એક સાથે, એક મનના થઈને આત્મિક રીતે એકબીજા સાથે હેતથી જોઈને એક આત્મિક મંદિર બનીએ છીએ.

આ સ્થળે આપણે સ્તુતિ અને આશીર્વાદોના ફળો તથા પ્રભુના મહિમા આપતા ફળો આપણે આપવાના છે. આવા જીવન, સેવા અને કાર્યો દ્વારા પ્રભુ તરફથી વડવાઓ દ્વારા પ્રભુમંદિરનો આશીર્વાદ મળ્યો છે તેને સંભાળી રાખીએ. પ્રભુમંદિરની સંગત અને સેવાથી વેગળા ના રહીએ. હાગ્ગાય ૧:૫ કહે છે તે પ્રમાણે આપણા માર્ગોનો વિચાર કરીએ.

ટેક : પ્રભુ મને તેડો રે તમારે દ્વાર. ભજનસંગ્રહ ગીત નં. ૭

### BIRTHDATE IN AUGUST

| | |
|---|---|
| ૧/૮ શૉન આર. ક્રિશ્ચિયન (U.S.A.) | ૧૯/૮ સુરેખા એ. ક્રિશ્ચિયન |
| ૧/૮ એન્ડરસન એ. ક્રિશ્ચિયન | ૨૦/૮ આશ્કા એન. રાઠોડ |
| ૧/૮ એલિશા એ. પરીખ | ૨૨/૮ એનેશા ડી. હેરી |
| ૩/૮ રોમી એ. ખ્રિસ્તી | ૨૩/૮ સ્ટેલા એમ. પરમાર |
| ૪/૮ એશેલ એ. ક્રિશ્ચિયન (U.S.A.) | ૨૪/૮ આર્નોન એસ. પેલમોર |
| ૪/૮ એશેલ એ. ક્રિશ્ચિયન | ૨૪/૮ શનાયા એન. મહીડા (U.S.A.) |
| ૭/૮ થોમસ વી. મેકવાન | ૨૫/૮ પ્રાર્થના એ. કાપડીયા |
| ૮/૮ લલીતાબહેન એસ. ખ્રિસ્તી | ૨૭/૮ જીલ એમ. રાઠોડ |
| ૧૩/૮ જેનેટ પી. ક્રિશ્ચિયન | ૨૯/૮ ડોરીન એન. ક્રિશ્ચિયન |

### નાણાંકીય અહેવાલ જૂન -૨૦૨૩

| | | |
|---|---|---|
| તા. ૦૧-૬-૨૩ ની ઉઘડતી સિલક | | |
| | રોકડ | ૨૭,૨૬૧-૮૮ |
| | બેંકમાં | ૩,૮૩,૧૯૪-૫૯ |
| જૂન ૨૦૨૩ ની | આવક | ૬,૫૦,૦૭૭-૦૦ |
| | કુલ | ૧૦,૬૦,૫૩૩-૪૭ |
| તા. ૩૦-૬-૨૩ ની બંધ સિલક | | |
| | રોકડ | ૨,૨૧૦-૮૮ |
| | બેંક | ૯,૧૭,૨૬૩-૫૯ |
| જૂન ૨૩ ની | જાવક | ૧,૪૧,૦૫૯-૦૦ |
| | કુલ | ૧૦,૬૦,૫૩૩-૪૭ |

શ્રી નિલેશભાઈ એસ. ક્રિશ્ચિયન, ટ્રેઝરર


આ બુલેટીન છાપવાનો તમામ ખર્ચ પ્રભુ પ્રેમી એક દાતા તરફથી મળેલ છે.

## ગત માસના કાર્ય તરફ દષ્ટિપાત

- તા. ૧-૭-૨૩ મેથોડિસ્ટ ચર્ચ, મણીનગરમાં સ્વ. ફિલિપ મેકવાન સાહેબની દફનવિધિમાં હાજરી આપી.
- તા. ૨-૭-૨૩ રવિવારની ભજનસેવા ચલાવી. પ્રભુભોજન પળાવવામાં આવ્યું. શ્રી એન્થનીભાઈ એસ. ઈમાનુએલના દીકરા એરોનના જન્મદિવસ પ્રસંગે કુટુંબ તરફથી સર્વને ચ્હા-નાસ્તો આપવામાં આવ્યો. આભાર.
- તા. ૫-૭-૨૩ બુધવારે સાંજે ૮-૦૦ કલાકે ઈડન ગાર્ડન, પાલડીમાં શ્રી પ્રશાંતભાઈ એસ. ક્રિશ્ચિયનના ઘરે પ્રાર્થના સંગત ચલાવી.
- તા. ૮-૭-૨૩ શનિવારે અમદાવાદ ડિસ્ટ્રીક્ટ વેસ્ટના પાળકોની પ્રાર્થના સંગત મેથોડિસ્ટ ચર્ચ, શાહપુરમાં રાખવામાં આવી હતી. જેમાં પ્રાર્થનામાં સમય ગાળ્યો હતો. આ મિટીંગમાં રેવ. બિપિન મેકવાન સાહેબને આણંદ મેથોડિસ્ટ ચર્ચમાં પાળક અને આણંદ ડિસ્ટ્રીક્ટમાં ડિ.સુ. તરીકે નિમણૂંક મળતાં વિદાય આપવામાં આવી હતી. રેવ. બિપિન પરમાર સાહેબની નિમણૂંક બેથાની જ્યુબિલી મેથોડિસ્ટ ચર્ચ, અસારવામાં થતાં આવકાર કરવામાં આવ્યો હતો. સ્થાનિક પાળક રેવ. અરવિંદ ખ્રિસ્તીએ મનન કરાવ્યું હતું.
- તા. ૯-૭-૨૩ રવિવારની ભજનસેવા ચલાવવામાં આવી. માર્ક ૧૧:૨૦-૨૪ પ્રમાણે પ્રાર્થના સંબંધી સંદેશો આપવામાં આવ્યો. ભજનસેવા બાદ પાસ્ટરેટ કમિટી મળી હતી.
- તા. ૧૩-૭-૨૩ ગુરુવારે અમદાવાદ ડિસ્ટ્રીક્ટ વેસ્ટના પાળકોએ મેથોડિસ્ટ ચર્ચ રાયખડમાં સાંજે ૧૦-૦૦ કલાકથી સવારે ૫-૦૦ કલાક સુધી પ્રાર્થનામાં સમય ગાળ્યો હતો. આ સમય ખૂબ જ આશીર્વાદિત રહ્યો હતો.
- તા. ૧૪-૭-૨૩ શુક્રવારે સાંજે ૮-૦૦ કલાકે ચર્ચમાં પ્રાર્થના સંગત ચલાવી હતી.
- તા. ૧૬-૭-૨૩ રવિવારની ભજનસેવા ચલાવી. જેમાં માથ્થી ૨૫:૧-૧૩ પ્રમાણે 'જાગૃત' રહેવા સંબંધી સંદેશો આપવામાં આવ્યો હતો.
- તા. ૨૧-૭-૨૩ શુક્રવારની પ્રાર્થના સંગત ચર્ચમાં ચલાવી હતી.
- તા. ૨૩-૭-૨૩ રવિવારની ભજનસેવા ચલાવી. જેમાં પેટેન્ટસ ડે નિમિત્તે નીતિ. ૧:૧-૯ પ્રમાણે વચન આપ્યું હતું.

ભજનસેવા બાદ સ્થાનિક મિશન અને સુવાર્તા સમિતિ મળી હતી. ઓગસ્ટ મહિનો ખાસ પ્રાર્થનામાં રહેવું. પ્રાર્થના મિટીંગનું આયોજન કરવું તથા જરૂરિયાત મંદ મુલાકાત કરવી તે પ્રમાણેનું આયોજન કરવામાં આવ્યું. પ્રમુખ શ્રી રાજેશભાઈ ક્રિશ્ચિયન અને સભ્યોનો આભાર.

- તા. ૩૦-૭-૨૩ રવિવારની ભજનસેવા ચલાવી. ૧ યોહાન ૧:૧-૫ પ્રમાણે વિજયી જીવન જીવવા સંબંધી વચન આપ્યું હતું.

ભજનસેવા બાદ સ્થાનિક સન્ડેસ્કૂલના સુપ્રિ. તથા શિક્ષકોની મિટીંગ મળી હતી. જેમાં આગામી કાર્યો નક્કી કરવામાં આવ્યા હતા. સ્થાનિક ચર્ચમાં દર શુક્રવારે સાંજે ૮-૦૦ કલાકે પ્રાર્થના સંગત થાય છે. તેમાં સન્ડે સ્કૂલના શિક્ષકો મહિનાના છેલ્લા શુક્રવારે હાજર રહી બાળકો માટે પ્રાર્થના કરશે તેવું નક્કી કરવામાં આવ્યું. સુપ્રિ. શ્રીમતી સારાહબેન ટેલર તથા શિક્ષકોનો આભાર.

## ખાસ જાહેરાત

સ્થાનિક ચર્ચના સુવર્ણ મહોત્સવના આશીર્વાદિત પ્રસંગે સોવેનિયરમાં દરેક કમાતી વ્યક્તિ આખા પાનની જાહેરાત આપશો તેવી વિનંતી છે. આ સાથે આપના સ્નેહી, મિત્રો, સંબંધીઓ તરફથી પણ શુભેચ્છા-જાહેરાત લાવવા માટે વિનંતી. આ કાર્ય માટે ખાસ પ્રાર્થના કરશો.

## પાળક દ્વારા મળેલ બર્થડે અને આભાર સ્તુતિના દાન

| | | | |
|---|---|---|---|
| ૧. | શ્રી નિરવ રશ્મિકાંતભાઈ મહિડા | આ.સ્તુ. | ૧૦૦૦ |
| ૨. | શ્રી લિનીયસભાઈ એસ. પેલમોર | બર્થડે | ૫૦૦ |
| ૩. | શ્રીમતી મંદાકીનીબેન એલ. પેલમોર | બર્થડે | ૫૦૦ |
| ૪. | શ્રી ડિક્સન એ. હેરી | બર્થડે | ૨૦૦ |
| ૫. | શ્રીમતી સુનંદાબેન વી. મેકવાન | બર્થડે | ૫૦૦ |
| ૬. | શ્રી કોલિન એસ. ડેવિડ, પૂનામાં ફ્લેટનું પઝેશન મળવા બદલ, અભિનંદન | આ.સ્તુ. | ૨૦૦૦ |
| ૭. | શ્રી એરોન એ. ઈમાનુએલ | બર્થડે | ૫૦૦ |
| ૮. | કુ. આશ્રા એ. સોલોમન | બર્થડે | ૨૦૦ |
| ૯. | કુ. રીયોના ડી. હેરી | બર્થડે | ૫૦૦ |
| ૧૦. | શ્રીમતી રીટાબેન ડી. હેરી | બર્થડે | ૫૦૦ |
| ૧૧. | શ્રી જેમ્સ વી. મેકવાન | બર્થડે | ૨૦૦ |
| ૧૨. | શ્રીમતી સ્મિતાબેન જે. મેકવાન | બર્થડે | ૨૦૦ |
| ૧૩. | શ્રીમતી કેરોલીનબેન એ. મેકવાન | બર્થડે | ૫૦૦ |
| ૧૪. | કુ. ક્રિસ્ટીના એફ. ગોહેલ, નવું જ્યુપીટર ટુ વ્હીલર ખરીદ્યું, અભિનંદન | આ.સ્તુ. | ૫૦૦ |
| ૧૫. | શ્રીમતી મહિમા એ. પેટ્રીક | બર્થડે | ૫૦૦ |
| ૧૬. | શ્રીમતી પ્રતિભાબેન આર. મહિડા | બર્થડે | ૧૦૦૦ |
| ૧૭. | કુ. રીયોના પી. ક્રિશ્ચિયન | બર્થડે | ૫૦૦ |
| ૧૮. | શ્રી કુનાલ આર. મહિડા | બર્થડે | ૫૦૦ |
| ૧૯. | શ્રીમતી ઉષાબેન એમ. રાઠોડ | બર્થડે | ૩૦૦ |
| ૨૦. | શ્રી નોએલ એસ. ક્રિસ્ટી | આ.સ્તુ. | ૨૦૦ |
| ૨૧. | શ્રી ફેનીલ એ. મહિડા | બર્થડે | ૫૦૦ |
| ૨૨. | શ્રી ફ્રાન્સિસભાઈ વી. ગોહેલ | બર્થડે | ૫૦૦ |
| ૨૩. | શ્રીમતી સિલ્વીયાબેન એન. ક્રિશ્ચિયન | બર્થડે | ૫૦૦ |
| ૨૪. | રૂફીના શાહ | આ.સ્તુ. | ૧૦૦૦ |
| ૨૫. | રૂફીના શાહ | એ.ફંડ | ૧૦૦૦ |
| ૨૬. | શ્રીમતી રૂફીના શાહ | પુઅર ફંડ | ૧૦૦૦ |
| ૨૭. | શ્રીમતી માગ્રેટબેન એસ. ઈમાનુએલ | બર્થડે | ૫૦૦ |

## જાહેરાતો

- ઓગસ્ટ મહિનો મિશન મહિના તરીકે ઉજવવામાં આવશે. આપ સર્વ વ્યક્તિગત અને કૌટુંબિક રીતે પ્રાર્થના કરશો.
- સપ્ટેમ્બર મહિનાના પ્રથમ રવિવારે ન્યાયાધીશોના પુસ્તક આધારે લેખિત બાઈબલ ક્વીઝ થશે. તૈયારી કરશો. ભાગ લેશો.
- તા. ૧૫-૮-૨૩ના રોજ સવારે ૧૦-૦૦ કલાકે મેથોડિસ્ટ ચર્ચ, શાહપુરમાં જે તે અંતિમ પરીક્ષામાં ૬૦% થી ઉપર ઉત્તિર્ણ થનાર વિદ્યાર્થીગણ માટે ડિસ્ટ્રીક્ટ કક્ષાએ વિદ્યાર્થી સન્માન સમારંભ રાખેલ છે. જેમણે માર્કશીટ આપી છે તેઓ વાલી સાથે હાજર રહેશો.
- **ચર્ચ બિલ્ડીંગ સ્થાપના દિવસ : તા. ૧૩-૮-૨૩ રવિવારે મેથોડિસ્ટ ચર્ચ, શાહપુરના બિલ્ડીંગને ૫૧ વર્ષ પૂર્ણ થશે. આ દિવસે રવિવારની ભજનસેવામાં ખાસ આભારસ્તુતિમાં જોડાઈશું. સર્વ કુટુંબો હાજરી આપશો.**

## અભિનંદન

- **બેંગ્લોર મુકામે ભરાયેલ જનરલ કોન્ફરન્સમાં શ્રી આલાપભાઈ જે. માસ્ટર એક્ઝીક્યુટીવ કાઉન્સિલમાં સભ્ય તરીકે ચૂંટાયા છે. અભિનંદન.**